1. ઈ.સ. 1919 ના કાયદા વિશે જણાવો.

➢ 23 ડિસેમ્બર, 1919માં મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ કે મોન્ટેનફર્ડ પારો પસાર કર્યો. આ કાયદા હેઠળ ધારાસભાઓ માંથી સીધી ચૂંટણી દાખલ કરવામાં આવી, આ કાયદા હેઠળ પ્રાંતોમાં અંશતઃ જવાબદાર રાજયમંત્રનો પ્રયોગ કરવામાં આવ્યો જે પ્રાંતિક સ્વરાજ્ય તરફનું પ્રથમ પગલું માનવામાં આવે છે.

2. અસહકારના આંદોલન વિશે નોધ લખો.

➢ અંગ્રેજોના પંજાબના અત્યાચારો અને ખિલાફતની માંગ સંતોષાય નહી ત્યાં સુધી સરકાર સામે અસહકારનું આંદોલન શરૂ કરાયું. આ માટે કોંગ્રેસે 1920ના કોલકાતા અધિવેશનમાં આ અંગે ઠરાવ પણ કયાં. આ આંદોલને જનતાને ગુલામી મનોવૃત્તિનો ત્યાગ કરવામાં, હિંદુ-મુસલમાનની એકતા માટે મહત્ત્વનો ભાગ ભજવ્યો. અસહકારના આંદોલનમાં રાષ્ટ્રીય કેળવણી આપતી સંસ્થાઓની શરૂઆત કરવામાં આવી, વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર, ખાદી પ્રવૃત્તિઓને વેગ અને સ્ત્રીઓની સક્રિયતા મહત્ત્વની હતી. ચૌરીચોરા ગામની હિંસક ઘટનાને કારણે મહાત્મા ગાંધીજીએ 1922ના રોજ અસહકારનું આંદોલન પાછું ખેંચવામાં આવ્યું.

3. કોમવાદના ઉદય માટેનાં કારણો ટૂંકમાં જણાવો.

➢ કોમવાદનાં ઉદય માટેનાં મુખ્ય કારણોમાં અંગ્રેજોની ભાગલા પાડો અને રાજકરોની નિતી મુખ્યત્વે જવાબદાર છે. આ ઉપરાંત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વૈચારિક પ્રવાભ, મુસ્લિમોનું અશિક્ષિતપણુ, નોકરી, વેપાર વાણિજયની પ્રવૃત્તિમાં અને ઉદ્યોગમાં પછાતપણાએ પણ કોમવાદને ઉત્તેજન આપ્યું. ઈ.સ. 1909ના કાયદાએ મુસ્લિમોને અલગ મતદારમંડળ આપીને આ કોમવાદને કટ્ટરતા આપી. મુસ્લિમ લિંગ અને હિંદુ મહાસભા જેવા સંગઠનોએ કોમવાદમાં ઘી હોમવાનું કાર્ય કર્યું.

4. સાયમન કમિશનનો શા માટે વિરોધ કરવામાં આવ્યો હતો?

➢ બ્રિટિશ સરકારે ભારતમાં બંધારણીય સુધારા સુચવવા માટે નવેમ્બર 1927 માં સાયમન કમિશનની નિમણૂક કરાઈ. આ કમિશનમાં તમામ કમિશન એ અંગ્રેજો હતા તેને કારણે ભારતવાસીઓ એ તેનો વિરોધ કર્યો. ભારતના સ્વતંત્ર અને સ્વરાજની યોગ્યતા કે અયોગ્યતાને નિર્ણય માત્ર ગોરો લોકો કેવી રીતે લઇ શકે આ માટે તો ભારતીયોના વિચારો પણ જરૂરી હતા. જેથી કોંગ્રેસ, મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાએ સાયમન કમિશનનો વિરોધ કર્યો.

5. બીજી ગોળમેજી પરિષદ શાથી નિષ્ફળ ગઈ?

➢ બીજી ગોળમેજી પરિષદમાં જુદી-જુદી કોમના પ્રતિનિધિઓએ અલગ મતદાનમંડળની માંગણી કરી જેને પરિણામે અલગ-અલગ કોમ ના પ્રતિનિધિઓ વચ્ચે સમાધાન ન થતાં બીજી ગોળમેજી પરિષદ નિષ્ફળ ગઈ.

6. 'હિન્દ છોડો' આંદોલન કોણે અને શા માટે શરૂ કર્યું હતું?

- 'હિન્દ છોડો' આંદોલન ગાંધીજીએ શરૂ કર્યું હતું. કોંગ્રેસની કારોબારી સમિતિને એમ લાગ્યું હતું કે અંગ્રેજોની હાજરીમાં ભારતના પ્રજનોને ઉકેલ આવવાનો નથી. તેમના ગયા પછી જ હિન્દીઓ રાષ્ટ્રીય સરકાર બનાવી શકશે. આથી 'હિન્દ છોડો' આંદોલન શરૂ કર્યું હતું.

7. અસહકાર આંદોલનનાં રચનાત્મક પાસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થતો હતો ?

- અસહકાર આંદોલનમાં રચનાત્મક પાસામાં ખાદી અસ્પૃશ્યતા નિવારણ , હિન્દુ મુસ્લિમ એકતા, દારૂબંધી, સ્વદેશી તથા રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર વગેરે બાબતોનો સમાવેશ થતો હતો.

8. જલિયાંવાલા બાગમાં સભાનું આયોજન શા માટે કરવામાં આવ્યું હતું?

- 13 એપ્રિલ, 1919ના રોજ જલિયાંવાલા બાગમાં શહીદોને અંજલિ આપવા તથા ડો. સત્યપાલ અને ડૉ. સૈફ઼દીન કીચલુ જેવા લોકપ્રિય નેતાઓની ધરપકડનો વિરોધ કરવા માટે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું .

9. અસહકારના આંદોલન દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ આપતી કઈ સંસ્થાઓની સ્થાપના થઈ?

- અસહકારના આંદોલન દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ આપતી આ સંસ્થાઓની સ્થાપના થઈ. કાશી વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, જામિયા ઈસ્લામિયા, યુર્નિવર્સિટી ગુજરાત વિદ્યાપીઠ, ટિળક વિદ્યાપીઠ વગેરે.

10. ભારતીય લોકોએ સાયમન કમિશનનો વિરોધ કઈ રીતે કર્યો?

- સાયમન કમિશનમાં એક પણ સભ્ય ભારતીય ન હોવાથી ભારતના બધા પક્ષોએ સાયમન કમિશનનો વિરોધ કર્યો. કમિશનના સભ્યો તો જયાં જયાં ગયા ત્યાં ત્યાં કાળા વાવટાઓ અને 'સાયમન પાછો જા' ના સૂત્રોથી તેનો વિરોધ કરવામાં આવ્યો.

11. ગાંધીજીએ હિન્દુ-મુસ્લિમ એકતા માટે કયા પ્રયત્નો કર્યા હતા?

- ગાંધીજીએ હિન્દુ-મુસ્લિમ એકતા માટે 'લખનઉ કરાર' કર્યા હતા. તેમના પ્રયત્નોથી અનેક મુસલમાનો ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ની નજીક આવ્યા હતા અને હિન્દુ-મુસ્લિમોએ એક થઈને ભારત ને આઝાદી અપાવી હતી.